સર્વદા સૌ સુખી થાઓ, સમાજ સૌ ક્ષમાપરો
સર્વત્ર દિવ્યતા વ્યાપો, શાંતિ સર્વત્ર વિકસો

# શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ
# એકડા પંચ બંધારણ



॥ દેવુ થાય તેવું ખર્ચશો નહી ॥
। પાપ થાય તેવું કમાશો નહી ॥

* પ્રકાશક *

શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ એકડા પંચ વતી


કાન્તિલાલ એન જોષી
મંત્રી
મુ પો રંગેલી તા. કુવાવાડા

મોતીશંકર જે. ઉપાધ્યાય
પ્રમુખ
મુ પો મોરવાડ તા કુવાવાડા

# શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ એઠઠા પંચ

## હોદ્દેદારો

### પ્રમુખ

શ્રી ગૌરીશંકર જયશંકર ઉપાધ્યાય બોરબાઈ

### ઉપ પ્રમુખ

શ્રી હસમુખભાઈ જગન્નાથ ઠાકર ઘોઘાવાડા

### મંત્રી

શ્રી કાન્તિલાલ ભાથાલાલ જોષી રંગેલી

### સહ મંત્રી

શ્રી ઈશ્વરલાલ ગણપતરામ ભટ્ટ ભાદરોડ

### ખજાનચી

શ્રી શંકરલાલ રણછોડદાસ ઠાકર જાંજટા

### આંતરિક ઓડીટર

શ્રી શીવપ્રસાદ ગણપતરામ ~~ઠાકર~~ પંડ્યા ખાનપુર

### એક્સ ઓફીસીઓ

શ્રી પ્રબોધકુમાર મગનલાલ જોષી ખાનપુર

# -૦ પ્રકાશકોનુ નિવેદન ૦-

સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ,

નૂતન વર્ષની લાભ પાંચમના શુભ દિને ઉપસ્થિત સૌ જ્ઞાતીજનોને નૂતન વર્ષાભિનંદન પાઠવી આવકારીએ છીએ અને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

યુવક મંડળના નેજા હેઠળ સમાજને મદદરૂપ બનવાનો પ્રયાસ કર્યો હતો કમનસીબે યુવક મંડળ નિષ્ક્રિય બની ગયુ અને તેની મીલકતો પંચને ફાળવવાનું નકકી કરવામાં આવ્યું છે.

સમાજની એકતા અને વિકાસ માટે કોઇ માધ્યમની સૌને જરૂર જણાઇ અને તેમાંથી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પંચની ઉદ્ભવ થયો ગત વર્ષ દરમિયાન છ કારોબારી સભા અને બે સામાન્ય સભા દ્વારા અવાર-નવાર મળ્યા છીએ અને જ્ઞાતીનુ સંગઠન મજબુત બને અને એકતા જળવાઈ રહે તેવા પ્રયત્નો કર્યો છે આપ સૌએ સાથ આપી હમારા ઉત્સાહમાં ઉમેરો કર્યો છે તેમાં ઘટાડો ના થાય તે સૌને નમ્ર વિનંતી કરીએ છીએ.

સમાજની એકતા માટે વર્ષ દરમીયાન થયેલા કાર્યવાહીને બંધારણ અને નિયમોના સ્વરૂપમાં ઘરેઘર પંહોચાડવા આ પુસ્તીકા આપના કરકમળોમાં સાદર કરીએ છીએ અને સમાજની એકતા અને વિકાસ માટે તેનુ પાલન કરવા -કરાવવાની સૌને નમ્ર વિનંતી કરીએ છીએ.

કોઇ ત્રુટી રહી ગઇ હોઈ તો ક્ષમ્ય ગણવા અને સુચન હોય તો પહોંચાડવા વિનંતી છે.

સહકારની અપેક્ષા સાથે,

| | |
|---|---|
| કાન્તિલાલ જોષી | ગોરીશંકર ઉપાધ્યાય |
| મંત્રી | પ્રમુખ |

PDF Scanner ACE Scanner

વીરપરા દેશના લુણાવાડા તાલુકાના બામરોડા ચોખળાના

# એકડા પંચનુ બંધારણ અને નિયમો

## બંધારણ

૧ નામ : આ સંસ્થાનુ નામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ એકડા પંચ રહેશે.

૨ સ્થળ : આ પંચનું કાર્યક્ષેત્ર તેમાં હાલ સમાવિષ્ટ ૧૩ ગામ અને પછી ઉમેરનાર ગામ રહેશે

૩ કાર્યપ્રદેશ : આ સાથે દર્શાવ્યા પ્રમાણે (૧) ભારવાઇ (૨) ખડોદી (૩) નરોડા (૪) મકરનાભુવાડા (૫) ગાંગટા (૬) કુંભારવાડી (૭) સાલૈયા (૮) રંગેલી (૯) ભાદરોડ (૧૦) બામરોડા (૧૧) ઘોઘાવાડા (૧૨) ખાનપુર (૧૩) નવાગામ વિગેરે તેર ગામોના ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમસ્તનો રહેશે

૪ એકડા પંચના હેતુઓ :

આ બ્રાહ્મણ એકડા પંચના હેતુઓ નીચે પ્રમાણે છે

અ તેર ગામોમાં વસતા બ્રાહ્મણ સમાજના લોકોનો માનસિક, શૈક્ષણિક શારીરિક અને આર્થિક વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરવી.

બ આ પંચના કાર્યક્ષેત્રમાં આવતા સભ્ય ગામોના લોકોમાં કેળવણીનો ફેલાવો કરી વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય તેવી પ્રવતિઓનુ આયોજન કરવુ

ક ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતા પંચના સભ્યોના સંતાનોને પ્રોત્સાહન મદદ અને લોન આપવી ઉત્તેજન આપવુ

ડ પંચના સભાસદોને આગ પુર, વાવાઝોડા જેવા અને અન્ય કુદરતી આપત્તિનો સમયમાં મદદ કરવી

PDF Scanner ACE Scanner

ઈ પંચની પ્રવુત્તિઓના વિકાસ માટે દાન, ભેટ, લોન મેળવવા અને ટ્રસ્ટો બનાવી નાણાં સ્વીકારવાં

ફ સમાજની એકતા અને સમાનતા અને અખંડીતતા જળવાઈ રહે તેવા પ્રયત્ન કરવા

જી સમાજમાં એકતા અને સમાનતા જાળવવા યોગ્ય નિયમો બનાવવા અને તેનું પાલન થાય તે જોવુ

૫ હિસાબી વર્ષ :

મંડળનુ હિસાબી વર્ષ કારતક સુદ ૧ થી આસો વદ અમાસ સુધીનુ રહેશે.

૬ સભ્યપદ :

આ પંચના કાર્યક્ષેત્રમાં આવતા

અ ગામોના જેમના વસ્તી પત્રક ફોર્મ ભરાયેલ છે અને સ્વીકારાયેલ છે તેવા ફોર્મના પુખ્ત ઉમરના વ્યકિત આ બ્રાહ્મણ એકડા પંચના સભ્ય ગણાશે

બ ભવિષ્યમાં પંચની કારોબારિ સભા જેમનું ફોર્મ સ્વીકારે તે આપોઆપ સભ્ય ગણાશે

૭ સભ્યનુ સભ્યપદ નીચેના સંજોગોમાં રદ ગણાશે

અ સભ્યના લેખીત રાજીનામાથી

બ બ્રાહ્મણ એકડા પંચના હિત વિરુધ્ધની પ્રવુંતિઓ કરનારનુ સભ્યપદ કારોબારી સમિતી બહુમતીએ રદ કરી શકશે

ક બ્રાહ્મણ એકડા પંચના નીતી નિયમોનુ પાલન નહી કરનાર અને તેમાં મદદગારી કરનારનુ સભ્યપદ કારોબારી સમિતી બહુંમતીએ રદ કરી શકશે

ડ બ્રાહ્મણ એકડા પંચના કાર્યક્ષેત્રમાં આવેલ ગામોના ફોર્મ નહી ભરનાર વ્યકિતઓ સાથે કન્યાની લેવડ-દેવડ કરનારનું સભ્યપદ સામાન્ય

સભા રદ કરી શકશે.

## સામાન્ય સભા :

બ્રાહ્મણ એકડા પંચમાં સામેલ થયેલ તમામ પુખ્ત ઉંમરના પુરૂષ સભ્યોની સામાન્ય સભા બનશે.

સામાન્ય સભા દર વર્ષે કારતક સુદ પાંચમ એટલે કે લાભ પાંચમના દિવસે સભ્ય ગામોમાં ગમે તે આમંત્રણ આપનાર ગામમાં મળશે એ પાંચમ હોય તો પ્રથમ પાંચમે સામાન્ય સભા મળશે.

સામાન્ય સભાનો સમય સાંજના સાત વાગ્યાનો રહેશે.

## ખાસ સાધારણ સભા :

ખાસ સાધારણ સભા જયારે અને જયાં જરૂર જણાય તે ગામમાં બોલાવાની સત્તા કારોબારી સમીતીને રહેશે.

## સામાન્ય સભાના કાર્યો

સામાન્ય સભામાં નવા વર્ષની કારોબારી સમિતીની નિમણુક કરવામાં આવશે.

વર્ષ દરમિયાન થયેલ આવક ખર્ચના હિસાબો ચર્ચાઓ કરી મંજૂર કરશે.

વર્ષ દરમિયાન કારોબારી સમીતીએ કરેલ કાર્ય અહેવાલ મંજૂર કરશે સામાન્ય સભામાં કોઇપણ ઠરાવ સુધારા સાદી બહુમતીએ મંજુર થયેલ ગણાશે.

## ૧૦ કારોબારી સભા ;

કારોબારી સમિતીમાં સભ્યોની સંખ્યા ૪૧ એકતાલીસની રહેશે હાલ નક્કી થયેલ સંખ્યા ગામની વસ્તીના પ્રમાણમાં નક્કી કરેલ છે આ સંખ્યામાં વધારો કે ઘટાડો સામાન્ય સભા નક્કી કરી શકશે કરેક ગામ પોતાના કારોબારી સભ્યોની નિમણુકની જાહેરાત સામાન્ય સભામાં કરશે.

ક કારોબારી સભ્યો હોદ્દેદારોની નિમણુક એકવર્ષ માટે પોતાનામાંથી અલગ રીતે સામાન્ય સભાના સ્થળે જ બહુમતીએનક્કી કરશે.

ડ કારોબારી સભ્યો શિવાયના સમાજના વડીલ પાંચ લોકોને સામાન્ય સભા આમંત્રિત સભ્યો તરીકે એક વર્ષ માટે નિમણુક કરશે.

ઈ આમંત્રિત સભ્યોને મતાધિકાર રહેશે નહી તેઓ બ્રાહ્મણ એકડા પંચને માર્ગદર્શન આપશે.

ફ નીચે પ્રમાણેના હોદ્દેદારોની પ્રથમ કારોબારી સભામાં બહુમતીએ નિમણુક કરવામાં આવશે

૧ પ્રમુખ ૨ ઉપપ્રમુખ ૩ મંત્રી ૪ સહ મંત્રી ૫ ખજાનચી ૬ આંતરિક ઓડીટર

જી વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ કારોબારી સભા યોજવાની રહેશે જરૂર જણાયે ૧૩ સભ્યોની સહીથી ખાસ તાકીદની કારોબારી સભા બોલાવી શકશે.

એચ. કારોબારિ સભ્યોની ૧૫ સભ્યોની સંખ્યાથી કોરમ થયેલુ ગણાશે કોરમના અભાવે મુલતવી રહેલ કારોબારી સભા એક કલાક બાદ તેજ સ્થળે ફરી મળશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે

આઇ પ્રમુખની સંમતિથી મંત્રી સામાન્ય સભા અને કારોબારી સભા બોલાવશે

આવક :–

અ સમાજમાં લગ્ન તેમજ શુભ પ્રસંગે વરપક્ષ તરફથી અથવા જનોઇ દેનાર પાસેથી ઓછામાં ઓછા રૂા. ૧૦૧ ભેટ તરીકે સબંધિત ગામના કારોબારી સભ્ય વસુલ કરશે અને કારોબારી સભામાં ખજાનચીને જમા કરાવશે.

બ દાન અને ભેટ મેળવી ભંડોળ વધારવું

ક શિક્ષાત્મક આવક મેળવવી.